# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-05-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

# RUSHIKESH PATEL GANDHINAGAR

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , રાજ્યમાં રક્તદાનનું કામ સારી રીતે ચાલી રહ્યું છે. આગળ પણ આ કામ ચાલતુ રહે અને કટોકટીની સ્થિતિમાં રક્તની ક્યારેય અછત ન સર્જાય તે માટે રક્તદાનની પ્રક્રિયા સતત ચાલુ રાખવી જોઈએ.

ગાંધીનગરમાં આજે ઉત્તર ગુજરાત ફિઝિશિયન એસોસિએશન અને એસોસિએશન ઑફ ફિઝિશિયન ઑફ અમદાવાદ દ્વારા યોજાયેલી વાર્ષિક પરિસદમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું. તેમણે ફિઝિશિયન્સને કોઈ દર્દી સાથે ગેરવર્તન ન થાય અને સારા વર્તનથી દર્દીઓને મદદરૂપ થઈ શકો તેવું વર્તન અપનાવવા પર ભાર મુક્યો હતો.

. . . . . . . . . . . . .

# BLOOD DONATION CAMP

પ્રવર્તમાન સ્થિતિને પગલે રક્તની આકસ્મિક જરૂરિયાતને પહોંચી વળવા વિવિધ જિલ્લામાં આજે રક્તદાન કેમ્પનું આયોજન કરાયું છે.

સુરેન્દ્રનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આજે લોહાણા સમાજવાડી ખાતે યોજાયેલી રક્તદાન શિબિરમાં શહેરના જુદા જુદા સમાજના આગેવાન અને યુવાનો, વિવિધ સંગઠનના સભ્યો , પોલીસ તંત્ર , સરકારી અધિકારી અને કર્મચારીઓએ રક્તદાન કર્યું.

તો ગીરસોમનાથ જિલ્લામાં ગીર સોમનાથ ઇન્ડિયન રેડક્રૉસ તેમજ અન્ય સંસ્થાઓના સહકારથી મેગા રકતદાન શિબિર યોજાયો. તેમાં અંદાજે એક હજાર પાંચસો જેટલા રક્તના એકમ એકત્રિત કરાશે. સેવાના આ મહાયજ્ઞમાં સહભાગી થનારા લોકોને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરાશે.

મહેસાણાના વિસનગર APMC ખાતે રક્તદાન કૅમ્પ યોજાયો. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ કૅમ્પની મુલાકાત લઈ રક્તદાતાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું. તેમજ વધુને વધુ રક્તદાતા આ અભિયાનમાં જોડાય તેવી અપીલ પણ કરી.

. . . . . . . . . . . . . .

# DIU SP VISIT

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના પોલીસ વડા સચિન યાદવે દરિયાકાંઠાના વિસ્તારની મુલાકાત લઈ સ્થિતિનું નિરીક્ષણ કર્યું. દરમિયાન માછીમારોને આંતર-રાષ્ટ્રીય સરહદ ન ઓળંગવા સૂચન કરતાં તેમણે સ્થિતિ સામાન્ય થયા પછી પણ સાવચેતી રાખવા અપીલ કરી. બીજી તરફ સુરક્ષાના ભાગરૂપે બીચ પર વૉટર સ્પોર્ટસની પ્રવૃતિઓને પણ બંધ કરવામા આવી છે. આ અંગે જિલ્લા પોલીસ વડા સચિન યાદવે માહિતી આપી.

(BYTE: SACHIN YADAV, SP, DIU)

. . . . . . . . . . . . .

# ARVALLI NUKSAN

અરવલ્લી જિલ્લામાં ગત ચારથી પાંચ દિવસથી વાતાવરણમાં પલટાના કારણે ઘાસચારો સહિત બાજરીના પાકને નુકસાન પહોંચ્યું છે. શાંતિપુરા પંથકમાં ખેડૂતોએ વાવેલા ઘાસચારા તેમજ અન્ય પાકને નુકસાન પહોંચવાની ભીતિ ખેડૂતોએ વ્યક્ત કરી છે. આ અંગે ખેડૂત મનહર પટેલે વધુ માહિતી આપી.

(બાઈટઃ મનહર પટેલ, ખેડૂત)

. . . . . . . . . . . . . .

# TRAIN UPDATE

પશ્ચિમ રેલવે દ્વારા સત્તાવાર યાદીમાં જણાવાયું છે કે, આ મંગળવારે 13 મેં-એ સાબરમતી- મહેસાણા – સાબરમતી ડેમુ અને સાબરમતી- પાટણ- સાબરમતી ડેમૂ સંપૂર્ણપણે રદ રહેશે. પાલનપુર-અમદાવાદ વિભાગ પર મહેસાણા અને જગુદન મથક વચ્ચે સમારકામના કારણે બ્લૉક લેવાશે. તેના કારણે આ ટ્રેન પર અસર થશે. તો 13 મેં-એ સાબરમતી ગ્વાલિયર ઍક્સપ્રેસ સાબરમતીથી એક કલા ક મોડી ઉપડશે.

. . . . . . . . . . . . . .

# DANG SHIBIR

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ધવલીદોડ ગામમાં ‘ગ્રીષ્મ બાળ શિબિર ’ યોજાઈ ગઈ , જેમાં ધવલીદોડ પ્રાથમિક શાળાના 100થી વધુ બાળકોએ ભાગ લીધો. શિબિરમાં બાળકોને યોગ અભ્યાસ , અંધશ્રદ્ધા નાબૂદી તેમજ વ્યસનમુક્તિના પ્રયોગ કરાવવામાં આવ્યા હતાં. ઉપરાંત ગમ્મત સાથે ગણિત અને વિજ્ઞાન જેવા વિષયના એકમો પણ શીખવવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . .

# STATE RAIN

રાજ્યમાં આજે વરસાદે વિરામ લીધો છે. સત્તાવાર યાદી મુજબ , આજે બપોરે 12 વાગ્યા સુધી એક પણ જિલ્લામાં વરસાદ નોંધાયો નથી. જોકે , તાજેતરમાં આવેલા વરસાદના કારણે રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે.

દરમિયાન ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન 38 ડિગ્રી સેલ્સિયસ કંડલા હવાઈમથક પર નોંધાયું. જ્યારે ભુજ, કંડલા બંદરમાં 37, નલિયા, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં 36 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું છે.

. . . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

-----------------------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)